જીસ્વાનથી

ક્રમાંક: જી-૧(ક્રાઇમ)/ટે. ૨/પેરોલ ફર્લો-૧૦/૦૮/૦૯

**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,**
**પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮**

તા. ૧૮/૧/૨૦૧૦

**વિષય:** પેરોલ / ફર્લો/ વચગાળાના જામીન ઉપરથી પરત જેલ નહિ આવી ગેરહાજર પડી નાસતા ફરતા આરોપીઓને પકડવા પેરોલ સ્કવોડની રચના કરવા બાબત.

**સંદર્ભ:** ૧. અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક: જી-૧(ક્રાઇમ)/ટે.૨/ પેરોલ-ફર્લો સેલ/૩૨૮૬/૦૯, તા. ૧-૮-૦૯

૨. અત્રેની કચેરીના નીમ-પત્ર ક્રમાંક: જી-૧(ક્રાઇમ)/ટે.૨/ પેરોલ ફર્લો/૧૦-૦૮/૪૧૯૮/૦૯, તા. ૨૦-૧૦-૦૯

## સ્થાયી હુકમ નં. ૧૧/૧૦

એવું જોવામાં આવેલ છે કે પેરોલ-ફર્લો અને વચગાળાના જામીન મેળવી સજા પામેલા ગુનેગારો કે અન્ડર ટ્રાયલ કેદીઓ સમયસર પરત જેલમાં હાજર થતા નથી અને નાસતા ફરે છે. તા. ૧-૧-૨૦૧૦ ના રોજ રાજ્યમાં પેરોલ ઉપરથી ફરારની સંખ્યા ૧૩૨, ફર્લો રજા લઇને ગેરહાજર થઇ ફરારની સંખ્યા ૨૬૯ અને વચગાળાના જામીન મેળવી ફરાર થયેલ આરોપીઓની સંખ્યા ૧૭૦ હતી. આ ઉપરાંત જેલમાંથી જાપ્તામાંથી ફરાર કેદીઓ ૫૮ અને પોલીસ કસ્ટડી જાપ્તામાંથી ફરાર કેદીઓ ૮૯ હતા. આ રીતે આવી સંખ્યા ૭૧૮ થાય છે જે ઘણી ચિંતાજનક બાબત છે. ઉપરોકત ગુનેગારોમાંથી ઘણાખરા ગુનાહિત આશયથી ફરાર થયા હશે અને તેમની ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ રહી હશે. તેથી તેમને પકડી પાડવા સઘન પ્રયાસો કરવાની જરૂરીયાત રહે છે.

૨. આ અંગે અત્રેની કચેરીના પરિપત્ર ક્રમાંક: જી-૧(ક્રાઇમ)/ટે.૨/પેરોલ-ફર્લો સેલ/૩૨૮૬/૦૯, તા. ૧-૮-૦૯ અને અત્રેની કચેરીના નીમ-પત્ર ક્રમાંક: જી-૧(ક્રાઇમ)/ટે.૨/ પેરોલ ફર્લો/૧૦-૦૮/૪૧૯૮/૦૯, તા. ૨૦-૧૦-૦૯ નો ચૂસ્તપણે અમલ કરવા સૂચના છે.

૩. વધુમાં દરેક શહેર/જીલ્લા કક્ષાએ એક પેરોલ સ્કવોડની રચના કરવી. પેરોલ સ્કવોડમાં ૧ સક્ષમ બિનહથિયારી પો.સ.ઇ., ૧ બિન હથિયારી એ.એસ.આઇ., ૧ હેડકોન્સ્ટેબલ અને ૨ કોન્સ્ટેબલની નિમણૂંક કરવી. તેમને એક વાહન અને એક મોટર સાયકલ ફાળવવું. તેમના માટેના ફોરવ્હીલ વાહન દરેક જીલ્લાને માસ-૧ ની અંદર મળશે ત્યાં સુધી જીલ્લાના સ્ત્રોતમાંથી ફાળવવું. તેમને માત્ર પેરોલ-ફર્લો/વચગાળાના જામીન, જેલમાંથી ફરાર અને પોલીસ જાપ્તામાંથી ફરાર કેદીઓને પકડવાની ફરજ સુપ્રત કરવી. કાયદો અને વ્યવસ્થા, ગુનાની તપાસ, પ્રોહીબીશન, જુગાર વગેરેની કામગીરી પોલીસ મહાનિદેશકશ્રીની પૂર્વમંજૂરી વગર આ સ્કવોડને સુપ્રત કરવી નહિ.

૪. આ સ્કવોડને શહેર/જીલ્લા કક્ષાએ અગત્યની જગ્યાએ એક ચોકી ઉપર ઓફીસ આપવી, જરૂરી ફર્નીચર, ટેલીફોન વગેરે તાત્કાલિક પૂરા પાડવા.

૫. ઉપરોકત ૭૧૮ કેદીઓમાંથી કેદીઓના ગુનાની તપાસની કેસ ડાયરીઓની ઝેરોક્ષ નકલો આ સ્કવોડને પૂરી પાડવી. કેસ ડાયરીઓ વાંચી કેદીઓના મિત્રો, સગા-વ્હાલા, સાગરિતો અને જાણતી વ્યકિતઓના નામ, સરનામા મેળવી તેમની મારફતે પણ આ કેદીઓના લોકેશનો લેવા સ્કવોડ પ્રયાસો કરશે.

૬. અત્રેની કચેરીના તા. ૧-૮-૦૯ અને તા. ૨૦-૧૦-૦૯ ના પરિપત્રોની સૂચનાઓ ઉપરાંત આવા કેદીઓને સંતાડી રાખનાર/આશરો આપનાર વિરૂધ્ધ આઇ.પી.સી. ની કલમ ૨૧૨ મુજબ પગલાં લેશો. પેરોલ/ફર્લો/વચગાળાના જામીનના હુકમની શરતો ભંગ

૨/ અધિક પોલીસ મહાનિદેશક શ્રી, સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, ગુ.રા.ગાંધીનગર.
૩/ તમામ રેન્જના નાયબ/ પોલીસ મહાનિરીક્ષક શ્રી.
[illegible]

બદલ આઇ.પી.સી. ની કલમ ૧૮૮ મુજબ પગલાં લેશો તેમજ જરૂર જણાય સી.આર.પી.સી. ની કલમ ૧૫૧ અને બી.પી. એક્ટની કલમ ૬૮ વિગેરે મુજબ પણ પગલાં લઇ શકાય છે.

૭. તા. ૧-૪-૨૦૧૦ ના રોજ સ્કવોડની કામગીરી ના રિવ્યુ કરવામાં આવશે અને મોટાભાગના કેદીઓ પકડાય ગયેલ હશે તો સ્કવોડને એબસ્કોન્ડર સ્કવોડ તરીકે ચાલુ રાખવાની મંજૂરી અપાશે ત્યારે 'એ' ફાઇનલ થયેલ કેસોના નાસતા ફરતા આરોપીઓ જેની સંખ્યા ગુજરાત રાજયમાં હજારોમાં છે, તેને પકડવાની કામગીરી પણ સુપ્રત કરાશે.

૮. આ સ્કવોડની કામગીરીથી કેદીઓ પકડાય તો ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક: મહક-૧૦૯૮-૫૨૮(૧)-ઈ, તા. ૨૦-૮-૯૯ થી પોલીસ અધીક્ષકશ્રીઓને મળેલી સત્તાની રૂએ તેમને ઇનામો આપવા સૂચના છે. જરૂર પડે સુપીરીયર અમલદારો પાસે ઇનામો માટે ભલામણ કરવી.

૯. આ કામગીરી અંગે દરેક જીલ્લાના પોલીસ અધીક્ષકશ્રી અને સબંધકર્તા નાયબ પોલીસ કમિશનરશ્રીના વાર્ષિક ખાનગી અહેવાલમાં નોંધ લેવામાં આવશે. જેથી આ કામગીરીને પોલીસ અધીક્ષકશ્રીઓ, રેન્જના વડાશ્રીઓ અને પોલીસ કમિશનરશ્રીઓ ખાસ અગ્રતા આપશે.

૧૦. તા. ૩૧-૩-૨૦૧૦ સુધી સ્કવોડની કામગીરીનો દૈનિક અહેવાલ પોલીસ અધીક્ષકશ્રીઓ રેન્જના વડાશ્રીઓને મોકલશે. રેન્જના વડાશ્રીઓ અને પોલીસ કમિશનરશ્રીઓ દૈનિક અહેવાલ દરરોજ અત્રેની કચેરીને મોકલશે અને નકલ અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ) ને પૂરી પાડશે. અહેવાલનો સમયગાળો ૦૦ થી ૨૪૦૦ રહેશે. દૈનિક અહેવાલ તા. ૧૬-૧-૧૦ થી શરૂ કરવો.

**બિડાણ:** દૈનિક અહેવાલનો પ્રફોર્મા

O/C 12/1/10

**(એસ. એસ. ખંડવાવાલા)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ
- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ.

**નકલ સવિનય રવાના:**
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  ર/- ગૃહ વિભાગનાં પત્ર ક્રમાંક: જલક/૯૦૨૦૦૯/૪૧૦૮/જ, તા. ૭-૧-૧૦ અન્વયે.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. ક્રાઇમ અને રેલવેઝ, ગુ. રા., ગાંધીનગર
- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ

**નકલ રવાના (જાણ સારૂ):**
- પોલીસ મહાનિરીક્ષક અને જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, અમદાવાદ.
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી
  ર/- સ્થાયી હુકમ/પરિપત્ર/ઠરાવની ફાઇલમાં રાખવા સારૂ.

૩. આ સ્થાયી હુકમની નકલ તમામ પો. સ્ટે./શાખા/ચોકી/આઉટ પોસ્ટમાં સરકયુલેટ કરીને તેની નકલ પહોંચની અવેજમાં અત્રેની કચેરીને મોકલવા સૂચના છે.

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક 12.1.10.
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર

જ્યુડીશિયલ કસ્ટડીમાંથી ફરાર કેદીઓને પકડવા માટેનો દૈનિક અહેવાલ તા. /૧/૨૦૧૦

| [illegible] | કમિશનરેટ/રેન્જ | ઝોન/જિલ્લા | જિલ્લામાં આવેલ જેલમાથી આજદિન સુધી ફરારી | | | | | | આજ રોજના ફરાર કેદીઓની સંખ્યા | | | | | | આજરોજ પકડાયેલ કેદીઓ | | | | | | પકડવાન… ફરાર કે… | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | પેરોલ | ફર્લો | વચગાળાના જામીન | પોલીસ જાપ્તામાથી | જેલમાથી | કુલ | પેરોલ | ફર્લો | વચગાળાના જામીન | પોલીસ જાપ્તામાથી | જેલમાથી | કુલ | પેરોલ | ફર્લો | વચગાળાના જામીન | પોલીસ જાપ્તામાથી | જેલમાથી | કુલ | પેરોલ | ફર્લો | વચગાળાના જામીન |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ |
| ૧ | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| | કુલ | | | | | | | | | | | | | | | | | | | | | | |